# સેક્ટર-૧૭માં ચ-કેટેગરીના મકાનની છતમાંથી પોપડું ખર્યું !

## પરિવારજનોના જીવ પડીકે બંધાયા, મહિલાનો સદનસીબે બચાવ

ગાંધીનગર, તા. ૧

શહેરમાં સ્થિત સરકારી આવાસોમાં રહીશોના જીવ પડીકે બંધાયા હોવાની ભયજનક સ્થિતિ છે. મોટાભાગના મકાનો મજબૂતી ગુમાવી ગમે તે ઘડીએ અકસ્માતનું કારણ બને તેવી સ્થિતિમાં હોવાનો આક્રોશ વસાહતીઓમાં પ્રબળ બન્યો છે. સે. ૧૭માં આજે ચ-





કક્ષાના એક મકાનમાં ગેલેરીમાંથી મોટુમસ પોપડુ ખરતા રહીશોમાં ફફડાટ પ્રવર્ત્યો હતો.

સેક્ટરોમાં સ્થિત સરકારી આવાસોના મજબૂતીકરણની કામગીરી હાથ ધરાયા બાદ પણ ઘણા ખરા મકાનો ભયજનક સ્થિતિમાં હોવાનું સ્પષ્ટ થયું છે.

કંગાળ ભાસતા આવા મકાનોમાં વખતોવખત છતમાંથી પોપડા ખરવાની ભયજનક ઘટનાઓ બાદ પણ આવાસોમાં રહીશોનો વસવાટ કાયમ હોવાનું ધ્યાને આવ્યું છે. બીજીતરફ મકાનોની સ્થિતિનો સર્વે હાથ ધરી સબસલામતના બણગાં ફેંકતા તંત્ર દ્વારા પણ આ મામલે કોઈ ગંભીરતા દાખવવામાં ન આવતી હોવાનો આક્રોશ આમ નાગરિકો ઠાલવી રહ્યા છે. જેના પરિણામે સમયાંતરે સરકારી રહેણાંકમાં વસાહતીઓ ભયજનક સ્થિતિનો અહેસાસ કરી રહ્યા છે. સે. ૧૭માં પણ આજે ચ-કેટેગરીના મકાનમાં રહેતા એક પરિવારે આ બાબતે લાચાર અને ભયજનક સ્થિતિનો અહેસાસ કરવો પડ્યો હતો. બ્લોક નં. ૧૬૦/૩માં રહેતા મહેશભાઈ બારોટના મકાનમાં આજે બપોરે ગેલેરીની છતમાંથી અચાનક ધડાકાભેર મોટુમસ પોપડુ પડતા મહિલાનો સદ્‌નસીબે બચાવ થયો હતો.

મકાનની કંગાળ સ્થિતિ સંદર્ભે તેમણે એક વર્ષ અગાઉ પણ તંત્ર સમક્ષ ધ્યાન દોર્યું હતું. પરંતુ આ અંગે કોઈ કાર્યવાહી ન થતા પરિવારજનો રામભરોસે હોવાનું સ્પષ્ટ થયું છે. મકાનના રૂમમાં પણ છત ભયજનક હોવાથી લોખંડના એંગલના ટેકા લગાવાયા છે. જ્યારે ઈલેકટ્રીકના વાયરો પણ ખુલ્લા અને લટકતી હાલતમાં છે.

# મનપાને આગામી દિવસોમાં સત્તાઓ સોંપાશે

## મ્યુનિ. કમિશનરની જગ્યા આઈ.એ.એસ. કેડરની કરાઈ

## આરોગ્ય, સ્ટ્રીટલાઈટ અને પાણી માટેનો તખ્તો તૈયાર

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહા-નગરપાલિકાના મ્યુનિ. કમિશનરની જગ્યા આઈ.એ.એસ. કેડરમાં અપગ્રેડ કરવાના સરકારે નિર્ણય કરતાં આગામી દિવસોમાં કોર્પોરેશનને સત્તાઓ સોંપવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર મ્યુનિ. કમિશનર તરીકે સનદી સેવામાં નિમણુંક પામેલા શ્રી લલિત પાડલિયાની નિમણુંક કરવામાં આવી છે. તેઓ સોમવારે પોતાના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી રહ્યાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનમાં કોંગ્રેસ પક્ષ સત્તા પર છે અને તેણે સત્તાઓનો મુદ્દો રાજકીય લડતનો બનાવ્યો હોવાથી સરકારે પણ આ મુદ્દા પર ઠંડુ પાણી રેડતાં કમિશનરની જગ્યા સનદી અધિકારીને તબદીલ કરી અને આગામી દિવસોમાં સત્તા સોંપણીના મુદ્દામાંથી હવા કાઢવાનો માર્ગ પસંદ કર્યો હોવાનું મનાઈ રહ્યું છે.

કોર્પોરેશનમાં ડે. મ્યુનિ. કમિશનરશ્રી પણ ટૂંક સમયમાં નિવૃત્ત થનાર છે તો આસિ. કમિશનરની જગ્યા આગામી સપ્તાહમાં ભરી દેવાશે અને બીજી જગ્યાઓ પણ ભરી સરકાર સત્તા સોંપણી કરી દેશે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પાણીની સેવા ઉપરાંત હવે એકાદ માસમાં આરોગ્ય અને સ્ટ્રીટલાઈટની સેવાઓ પણ સુપ્રત કરી દેવામાં આવશે. આ માટેનો લગભગ તખ્તો તૈયાર થઈ ચુક્યો છે.

દરમ્યાન ગાંધીનગર મ્યુનિ. કમિશનરશ્રી ખરસાણની બદલી કરવામાં આવી છે પણ હજુ તેમનું વિગતે પોષ્ટીંગ કરાયું નથી તે પણ એકાદ સપ્તાહમાં કરી દેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. હાલ ગાંધીનગર કમિશનરનો ચાર્જ ગ્રીમકોના મેને. ડિરેક્ટર શ્રી કોઠારી પાસે છે.

# પશુઓ ચરાવવા નિકળેલો યુવાન રાયપુર કેનાલમાં ગરકાવ થઈ ગયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીક રાયપુર નર્મદા કેનાલ પાસેથી પશુઓ ચરાવવા નિકળેલો ૩૦ વર્ષીય યુવાન હાથ-પગ ધોવા કેનાલ તરફ ગયો ત્યારે પગ લપસી જતાં કેનાલના પાણીમાં ગરકાવ થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. ડભોડા પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ જિલ્લાના દહેગામ તાલુકા વિસ્તારમાં આવેલા હરસોલી ગામનો ૩૦ વર્ષીય ભીખાજી વખાજી ઝાલા આજે બપોરના સુમારે પશુઓ ચરાવવા નિકળ્યો હતો. રાયપુર નર્મદા કેનાલ પાસે ભીખાજી હાથ-પગ ધોવા ઉતર્યો ત્યારે એકાએક પગ લપસી પડતા તે કેનાલનાં પાણીમાં ગરકાવ થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. કેનાલ સિક્યુરીટી ગાર્ડ પ્રવિણ ચૌહાણને પાણીમાંથી તરતો મૃતદેહ દેખાતા તાત્કાલીક ડભોડા પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. એ.એસ.આઈ. શાદરભાઈ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને મૃતદેહ બહાર કઢાવી પી.એમ. માટે મોકલી ગુનો દાખલ કરીને મૃત્યુનું ચોક્કસ કારણ બહાર લાવવા તજવીજ સરૂ કરી છે.

# કોર્ટ બહારથી પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયેલો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૧

બેદિવસ અગાઉ ગાંધીનગર કોર્ટ બરારથી મારામારીનો ભાગી ગયેલ આરોપીને ગઈકાલે રાત્રે ગાંધીનગર સેક્ટર-૭ની પોલીસ દ્વારા અમદાવાદમાંથી ઝડપી લેવામાં આવ્યો. ઝડપાયેલાં આરોપીની પોલીસ દ્વારા સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

શહેરની સેક્ટર-૭ની પોલીસમથકે ટ્રાન્સફર વોરંટથી દાખલ થયેલા મારામારીના ગુનામાં ધરપકડ કરાયેલા અમદાવાદના માધુપુરા વિસ્તારના આરોપી અક્કી રમેશભાઈ દંતાણીને ગાંધીનગર કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. જામીન ન હોવા કારણે આરોપીને કોર્ટ જ્યુડીશીયલ કસ્ટડીનો આદેશ આપતાં પોલીસ તેને સેન્ટ્રલ જેલ મોકલવા તજવીજ કરી કોર્ટની બહાર વાન પાસે લાવી અને ત્યારે જ ગણતરીની ક્ષણોનાં જ પોલીસને ચકમો આપીને આ આરોપી ફરાર થઈ ગયો હતો. સેક્ટર-૭ પોલીસ દ્વારા આ આરોપીને પકડવાનાં ચક્રો ગતમિાન કર્યા હતા અને અંતે બે દિવસની ભારે શોધખોળ બાદ આરોપી, અક્કી રમેશભાઈ દંતાણીને સે. ૭ સેકન્ડ પી.આઈ. પી.ટી. બોદરે અમદાવાદ માંથી ઝડપી લીધા બાદ સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

## આજે સંસ્કાર ગૃપ દ્વારા પર્યાવરણ પરીક્ષા યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના બાળકો માટે સતત પ્રવૃત્તિશીલ સંસ્થા સંસ્કાર ગૃપ દ્વારા આજે તા. ૨ સપ્ટેમ્બર ૨૦૧૨ને રવિવારે બપોરે ૧૨ કલાકે પર્યાવરણ પરીક્ષા યોજાશે. જે વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ભાગ લીધો હોય તેઓએ આદર્શ નિવાસી કન્યા શાળા, નાણાવટી સ્કૂલની બાજુમાં, સેક્ટર-૬, ગાંધીનગર ખાતે નિયત સમયમાં હાજર રહેવું.

# ભારતીય જીવન વિમા નિગમ દ્વારા વીમા સપ્તાહની ઉજવણી

## દેશમાં ૪૦ કરોડ પોલિસી હોલ્ડર ધરાવતા નિગમને ૫૬ વર્ષ પૂર્ણ થતાં વિવિધ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૧

ભારતીય જીવન વિમા નિગમ ના ૫૭મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે નિગમ દ્વારા તા. ૧ થી ૭ સપ્ટેમ્બર દરમિયાન વીમા સપ્તાહ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત નિગમની સે-૧૧ સ્થિત ડિવીઝનલ કચેરીમાં આજે કોર્પોરેટ ફલેગ ફરકાવાયો હતો. સપ્તાહ દરમિયાન શાળાના વિદ્યાર્થીઓની ચિત્ર સ્પર્ધા, મેડીકલ ચેકઅપ કેમ્પ જરૂરિયાતમંદોને વ્હીલચેર અને પાણીની ટાંકીનું વિતરણ સહિતના કાર્યક્રમો યોજવામાં આવશે. ૧૯૫૬ના વર્ષથી કાર્યરત એલ.આઈ.સી.ના દેશમાં ૪૦ કરોડ વીમાધારકો હોવાનું પણ ગાંધીનગર વિભાગના ડિવીઝનલ મેનેજરે જણાવ્યું છે.



ભારતીય જીવન વિમા નિગમે ૫૬ વર્ષપૂરા કરી ૫૭મા વર્ષમાં પ્રવેશ કરતા ગાંધીનગર વિભાગની કચેરી દ્વારા વીમા સપ્તાહની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગાંધીનગર ડિવીઝનલ કચેરીના મેનેજર એસ.જે. બારૈયાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે છેલ્લા ૫૬ વર્ષથી કાર્યરત નિગમ હાલ દેશમાં ૪૦ કરોડ વીમાધારકો ધરાવે છે. નિગમની ગત વર્ષની વાર્ષિક આવક ૨,૮૭,૦૦૦ કરોડ પહોંચી છે જયારે તેની સામે વિવિધ દાવા હેઠળ ૧,૧૮,૦૦૦ કરોડની ચૂકવણી કરવામાં આવી છે. સરકારી તેમજ અન્ય ક્ષેત્રમાં વર્ષ ૨૦૧૨ના અંતે ૧૧મી પંચવર્ષીય યોજના હેઠળ રૂ. ૭,૦૪,૧૫૧ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે. એલ.આઈ.સી. ગોલ્ડન જ્યુબિલી ફાઉન્ડેશની સ્થાપના અન્વયે વિવિધ ૨૧૮ પ્રોજકેટમાં રૂ. ૩૩,૦૧૩ કરોડની સહાય આપવામાં આવી છે જયારે પ્રતિવર્ષ ૪૬૬૦ વિદ્યાર્થીઓને રૂ. ૧૦ હજાર લેખે ઉચ્ચ શિક્ષણ માટે ચાર વર્ષ સુધી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ગાંધીનગર વિભાગે ચાલુ નાણાંકીય વર્ષમાં ૧ લાખ પોલિસીઓ કરી ૯૫ કરોડા પ્રિમિયમ સાથે ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ તબક્કે તેમણે ગાંધીનગર વિભાગમાં ચિલોડા અને દાંતીવાડા ખાતે સેટેલાઈટ ઓફિસ શરુ કરવાની પણ જાહેરાત કરી હતી. ડીવીઝનલ કચેરીના સેલ્સ મેનેજર પી.એલ. દઈયા, માર્કેટીંગ મેનેજર બરુનકુમાર ખાન વિભાગના અન્ય અધિકારી વી.ડી.સુથાર તેમજ આઈ.કે. રાઠોડે પણ વીમા સપ્તાહની ઉજવણી દરમિયાન હાથ ધરાનારા કાર્યક્રમો અંગે માહિતી પૂરી પાડી હતી.

# ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સહયોગથી નિ:શુલ્ક નેત્ર ચિકિત્સા કેમ્પ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર પેન્સનર્સ સમાજના સહયોગથી અમદાવાદના આઈ કેર હોસ્પિટલના ડૉ. શશાંક રાઠોડ તેમજ સહયોગી તબીબો સાથે નિ:શુલ્ક નેત્ર ચિકિત્સા કેમ્પ સ્ટાફ ટ્રેનિંગ કોલેજના ઓડિટોરિયમમાં યોજવામાં આવ્યો હતો. નેત્ર ચિકિત્સા કેમ્પમાં ૧૫૦ જેટલા દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો.

શહેર પેન્શનર્સ સમાજના પ્રમુખ એસ.ડી.આર. મલિકના જણાવ્યા મુજબ ડૉ. શશાંક રાઠોડે નેત્ર ચિકિત્સા કેમ્પમાં નેત્ર એકસરે મશીન, સોનોગ્રાફી મશીન, નેત્ર ચકાસણી મશીન, આંખના નંબર સાથેના ગ્લાસ નંબર કાઢી આપવાની વ્યવસ્થા, ફ્રેમમાં મુકી આંખોના નંબરની ફેર તપાસ વગેરે લગતી બધી વ્યવસ્થા કરી લગભગ ૧૫૦ જેટલા દર્દીઓની તપાસ કરી હતી. કેમ્પમાં સંસ્થાના પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો, સેક્ટર પ્રતિનિધિઓ, પેન્શનર પરિવારજનો તથા વસાહતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પની સફળતા માટે પ્રમુખે કાર્યકારી પ્રમુખ જયંતભાઈ ભટ્ટ, ઉપપ્રમુખ સૂર્યકાંતભાઈ બારોટ, પ્રવર મંત્રી નિરંજન ઓઝા, પ્રતિનિધિ પ્રવીણભાઈ ત્રિવેદી ઉપરાંત રોટરી કલબના મહેન્દ્રભાઈ ભાવસાર, જગતભાઈ કારાણીનું મહત્વનું યોગદાન ગણી આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની મિટીંગ મળશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિ તથા સભ્યોની સભા લવજીભાઈ વાડીઆના પ્રમુખ સ્થાને તા. ૩જી સપ્ટેમ્બરના રોજ સાંજે ૫.૦૦ કલાકે મળશે. સંસ્થા મહામંત્રી મુળજીભાઈ પરમારે જણાવેલ છે.

# ભટ્ટ મેવાડા સમાજ દ્વારા પંચદેવ મંદિરે વિષ્ણુયાગ યોજવામાં આવશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર ભટ્ટ મેવાડા સમાજ દ્વારા પંચદેવ મંદિર ખાતે તા. ૭, ૮ અને ૯ના રોજ વિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું છે. રાજયમાંથી ભટ્ટ મેવાડા સમાજના આગેવાનો આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેશે.

વિષ્ણુયાગના મુખ્ય યજમાન તરીકે દિલીપકુમાર જોષી છે તથા ત્રણ દિવસ સુધી ચાલનારા યજ્ઞમાં અમૃત ઉપાધ્યાય, ઉમેશભાઈ પંડયા, વિદ્યુત પંડયા, નીરવ પંડયા, મહેશભાઈ ભટ્ટ, રાજેન્દ્ર ગોર, ભૂપેન્દ્ર ઉપાધ્યાય, ડૉ. રાજુભાઈ અને અશોકભાઈ મહેતા યજ્ઞના યજમાન દાતા છે. ત્રિદિવસીય યજ્ઞના કાર્યક્રમમાં રાત્રે ભજન સંધ્યા પણ યોજાશે. જેનો સૌએ લાભ લેવો એમ પ્રમુખ વ્યોમેશભાઈ દિક્ષિતે જણાવ્યું છે.

## સે. ૬ સંઘર્ષ સમિતિની આજે બેઠક

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૬માં ઝુંપડપટ્ટી સહિતના વિવિધ પ્રાણપ્રશ્નો અંગે વસાહતીઓએ સંઘર્ષ સમિતિની રચના કરી છે. આ સંઘર્ષ સમિતિની આવતીકાલે તા. ૨ સપ્ટેમ્બરને રવિવારે સે. ૬-બી ચંદ્રમૌલેશ્વર મંદિર ખાતે રાત્રે ૮.૩૦ કલાકે ખાસ બેઠક યોજાનાર છે. જેમાં વસાહતીઓને જોડાવા જણાવવામાં આવ્યું છે.

## ગાંધીનગરમાં નિ:શુલ્ક અગ્નિદાહ માટે મનપાનો આભાર વ્યકત કરતા નગરજનો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના મુક્તિધામમાં અતિમ સંસ્કાર માટે અગ્નિદાહ વિના મૂલ્યે કરવાની મહેન્દ્રસિંહ રાણા મેયરશ્રી ગાંધીનગર મહાનગરપાલિકા કરેલ તથા પ્રવિણભાઈ પટેલ સ્થાયી સમિતિએ ટોકન રૂપે માત્ર ૧ રૂપિયો લેવાની જાહેરાત કરી તે બદલ ગાંધીનગર શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ તથા ગાંધીનગર વિકાસ પરિષદ, ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ સેકટર-૨ વસાહત મંડળના રાજેન્દ્રભાઈ પારેખ મહાનગરપાલિકા નિર્ણયને આવકારીને આભાર વ્યકત કરેલ છે.



# હવેલી મંદિર, સે-૨૧માં શ્રીકૃષ્ણાશ્રય ગુણગાન કથા મહોત્સવનું આયોજન

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને શ્રી વલ્લભ મેમોરીયલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે અધિક માસમાં હવેલી મંદિર, સેકટર-૨૧ ગાંધીનગર ખાતે શ્રી કૃષ્ણાશ્રય ગુણગાન કથા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી કૃષ્ણાશ્રય ગુણગાન કથા મહોત્સવ અંતર્ગત ૩૦મી ઓગષ્ટ ૨૦૧૨ના રોજ ડાહીબેન કે. પટેલ, સે-૨૦ના નિવાસસ્થાનેથી બપોરે ૪ કલાકે માથે પોથીજી પધરાવી, નિશાન,ડંકા સાથે કળશ પધરાવવામાં આવ્યો હતો. બહેનો અને વિશાળ સમુદાય સાથે યુવાચાર્ય પ.પૂ.ગો. શ્રી ૧૦૮ કુંજેશકુમાર મહોદયની અધ્યક્ષતામાં એક સુંદર ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧ ખાતે પહોંચી હતી. ત્યારબાદ પોથી પૂજન, આચાર્યને માળા અર્પણ કરી વચનામૃત કરવામાં આવ્યું હતું. સાંજે ૭ કલાકે બહેનોના નાચ-ગાન સહિત પ્રસાદ ઉછાળી નંદ ઉત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૩
સૂર્યાસ્ત : ૬.૫૯

## તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૬૭ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
જોકર : ૧.૧૫, ૩.૩૦, ૬.૦૦, ૮.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
જોકર : ૧૦.૦૦, ૧૨.૦૦, ૨.૧૫, ૯.૩૦
એક થા ટાઈગર : ૪.૩૦, ૭.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૧૦.૧૫, ૩.૩૦, ૧૧.૦૦
કેવી રીતે જઈશ : ૧૨.૪૫, ૮.૧૫
એક થા ટાઈગર : ૫.૪૫
: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૦.૦૦,૧૨.૩૦, ૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦
શીરીન ફરહાદ કી તો નીકલ પડી : ૫.૩૦
: સ્ક્રીન-૩ :
જોકર : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૭.૩૦,૯.૪૫
ફોર્મ સિડ્‌ની વીથ લવ : ૫.૦૦
: સ્ક્રીન-૪ :
જોકર : ૯.૩૦, ૨.૦૦, ૪.૧૫, ૬.૩૦, ૮.૪૫, ૧૧.૦૦
શીરીન ફરાહદ કી તો નીકલ પડી : ૧૧.૪૫

### સૂર્યા, વાવોલ

જોકર : ૧૨.૪૫, ૩.૪૫,૯.૪૫
વિધાતા (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦,૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
જોકર : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૧૫, ૫.૧૫, ૮.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૦.૫૦, ૭.૧૫, ૧૦.૦૦
નિલકંઠ : ૧.૧૫ ● જોકર : ૪.૧૫
: સ્ક્રીન-૩ :
આઈ એમ ૨૪ : ૧૧.૧૫,૧૦.૧૫
એક થા ટાઈગર : ૨.૧૫
ફોર્મ સિડ્‌ની વીથ લવ : ૫.૧૫, ૮.૧૫

### ચિરાગ, કલોલ

જોકર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં ગિરીકંદરા ઉપર શ્યામ ઘટા અને શૃંગારમાં ચાંદીના પલના.

## આપની આજ

**મેષ** : મનોનુકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે. મિત્રો સાથે સમય પસાર થઈ શકે છે.

**વૃષભ** : આમોદ- પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. અમુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિંતતા આવશ્યક છે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

**કર્ક** : કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. આપે વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું હિતકારી થઈ શકશે.

**સિંહ** : આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે.

**કન્યા** : આજે નવા સંબંધો બંધાઈ શકે છે. સત્સંગ થઈ શકે છે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**તુલા** : અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો.

**વૃશ્ચિક** : સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે.

**ધન** : આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે. કોર્ટ - કચેરીના કેસોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મકર** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યના કાર્યોમાં ગહન શોધના કાર્યો થઈ શકશે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીયે આપને પ્રતિષ્ઠા અને માન- સમ્માન પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. મીનાબેન વિનોદકુમાર મહેતા (ઉ.વ.૫૦) અંબા ટાઉનશીપ પ્રા.લિ. મુ.પો. અડાલજ, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. બારોટ યોગેશકુમાર મગનલાલ(ઉ.વ.૫૫) પ્લોટ નં. ૮૦૪/૧, સેકટર-૫/સી, ગાંધીનગર.
- સ્વ. ઈન્દુબેન ચંદ્રકુમાર પાંડે(ઉ.વ.૭૫) પ્લોટ નં. ૨૫૮/૪, જી-૧ ટાઈપ, સેકટર-૧૯, ગાંધીનગર.
- સ્વ. પુરોહિત જગજીવન શાકરેશ્વર (ઉ.વ.૬૬) મુ.પો. વાસન, તા., જિ. ગાંધીનગર.